### ધાનેરા તાલુકા ભાજપ મહામ ંત્રીના ભત્રીજાનુ ં કારસ્તાન

# ધાનેરા તાલુકામાં શિક્ષિકા તરીકે નોકરી કરતી મહિલાને ફેસબુક એકાઉન્ટ દ્વારા બદનામ કરી

**ધાનેરા તાલુકા ભાજપ મહામ ંત્રીનો ભત્રીજાએ આ શિક્ષિકાને હેરાન કરવાનુ ં શરૂ કરી દીધા બાદ એક દિવસ શિક્ષિકાનુ ં મોબાઈલ સાથે પર્સ ચોરી લીધા બાદ મોબાઈલમા ં રહેલ ફોટાનો ઉપયોગ કરી શિક્ષિકાનુ ં ટૂ ંકુ નામ લખી ફેસબુકમા ં ફર્જી એકાઉન્ટ ખોલી ના ંખ્યુ ં હતુ ં અને શિક્ષિકાના ફોટા નીચે મિત્ર બનાવવા માટે પ્લીઝ કોન્ટેક મી લખી દીધા બાદ નીચે શિક્ષિકાના પતિ તેમજ તેના ઘરનો લેન્ડલાઈન ટેલીફોન ન ંબર લખી દેતા ં શિક્ષિકાના પતિ અને ઘરના ન ંબર પર ફોન આવતા ં આખી ઘટનાનો પર્દાફાશ થયો હતો.**

આ મામલે અગાઉ બનાસકા ંઠા પોલીસ વડાને લેખિત રજુઆતના અ ંતે જીરો ન ંબરથી ફરિયાદ નો ંધ્યા બાદ ધાનેરા પોલીસ સ્ટેશન ખાતે યુવક સામે ગુન્હો નો ંધાયા બાદ પણ આરોપી ખુલ્લો ફરી રહ્યો છે અને શિક્ષિકાના પરિવારજનોને ફરિયાદ પાછી ખે ંચવા ધાકધમકીઓ આપી રહ્યો છે. આખરે આ મામલે મુખ્યમ ંત્રી ઓનલાઈન,મહિલા આયોગ,ગૃહવિભાગમા ં પણ રજુઆત કરવામા ં આવ્યા બાદ રાજ્યના ડી.જી.પી. ચિતર ંજનસિ ંહને રજુઆત કરવામા ં આવતા ં બનાસકા ંઠા એસ.પી.ને આ મામલે તપાસ કરી આરોપી સામે પગલા ં લેવાનુ ં ફરમાન કરવામા ં આવ્યુ ં છે. આ ચકચારી બનાવની વિગતો એવી છે કે માણસા તાલુકાની એક શાળામા ં ફરજ બજાવતા આચાર્યની પુત્રવધુ સ્વાતી (નામ બદલ્યુ ં છે) ને બનાસકા ંઠા જિલ્લાના ધાનેરા તાલુકામા ં આવેલ એક ગામમા ં નોકરી મળતા ં તે ધાનેરા શહેરમા ં એકલી ભાડાના મકાનમા ં રહેતી હતી. તે સમય દરમ્યાન ધાનેરામા ં રહી બ ંગડીની દુકાન ચલાવતો ધાનેરા તાલુકા ભાજપ મહામ ંત્રીનો ભત્રીજો દેવેન્દ્ર અ ંબુભાઈ ખ ંડેલવાલ સ્વાતીના ફોન પર રોજે રોજ મીસકોલ મારી પરેશાન કરતો હોવા છતા ં સ્વાતીએ આ બાબતને ગ ંભીરતાથી લીધી ન હતી. પર ંતુ એક દિવસ આ મિસ કોલ મારતો દેવેન્દ્ર શિક્ષિકા જયારે સ્કૂટી લઈને નોકરી નિકળી આવી હતી ત્યારે બાઈક પર એ જવા અને સ્વાતીને ઉભી રાખી કહેવા લાગેલ કે હુ ં મીસ કોલ મારૂ છુ અને હવેથી તુ ં ફોન પર મારી સાથે વાત નહી કરે તો તારા પર એસિડ ફે ંકી તારો ચહેરો ખરાબ કરી નાખીશ તેવી ધમકી આપતા ડરી ગયેલી સ્વાતી આખરે ન છૂટકે દેવેન્દ્ર સાથે મોબાઈલ પર વાત કરવા મજબૂર બની હતી અને સ્વાતીની મજબૂરીનો લાભ ઉઠાવી દિવસમા ં વીસવીસ ફોન કરવા લાગ્યો હતો આ સિલસિલો બે થી અઢી મહિના ચાલ્યો હતો આ દરમ્યાન એક દિવસ સ્વાતીનુ ં પર્સ દેવેન્દ્રએ ઉઠાવી લીધુ ં અને પર્સમા ં રહેલ મોબાઈલમા ંથી સ્વાતીના ફોટાનો અને તેમા ં રહેલ ફોન ન ંબરનો ઉપયોગ કરી દેવેન્દ્રએ ફેસબુક ઉપર સ્વાતીનુ ં ફર્જી એકાઉન્ટ ખોલી સ્વાતીનો ફોટો મુકી અ ંદર મિત્ર બનાવવા પ્લીઝ કોલ મી લખી તેમા ં મોબાઈલ ન ંબર સ્વાતીના પતિનો અને ઘરનો ન ંબર લખી દેવામા ં આવતા ં સ્વાતીને મિત્ર બનાવવા લોકોના ફોન આવવા લાગ્યા હતા.આ મામલે બનાસકા ંઠા જિલ્લા પોલીસ વડાને લેખિત રજુઆત કરવામા ં આવતા ં આ લેખિત રજુઆતના આધારે સિટી પોલીસે જીરો ન ંબરથી ફરિયાદ ધાનેરા પોલીસ સ્ટેશનમા ં દાખલ કરાઈ અને તેની તપાસ થરાદ સી.પી.આઈ.ને આપવામા ં આવી પર ંતુ સી.પી.આઈ.નિવૃત્તીના આરે હોવાની સાથે સાયબર ક્રાઈમમા ં તેઓને ક ંઈ સમજ ન પડતા ં ફરિયાદીને ધક્કે ચઢાવી રહ્યા હોવાથી ફરી એક વખત આ મામલે જિલ્લા પોલીસ વડાને ફરિયાદ કરવામા ં આવતા ં આ તપાસ બનાસકા ંઠા એલ.સી.બી.ને આપવામા ં આવી છતા ં તપાસ આગળ ચાલી નહી ં અને આરોપી ખુલ્લો ફરી રહ્યો હતો. જેથી આખરે આ મામલે મુખ્યમ ંત્રી ઓન લાઈન,મહિલા આયોગ, ગૃહમ ંત્રી કાર્યાલય સહિત અનેક જગ્યાએ રજુઆતોના અ ંતે આખરે તાજેતરમા ં ગુજરાતના ડી.જી.પી. ચિતર ંજનસિ ંહને રૂબરૂ મળી પોતાની આપવિતી રજુ કરતા ં તેઓએ તાત્કાલીક અસરથી આ મામલે જવાબદારો સામે કાર્યવાહી કરવા બનાસકા ંઠા એસ.પી.ને આદેશ કરતા ં બનાસકા ંઠા પોલીસ આખરે દોડતી થઈ ગઈ છે.

### ધમકી અપાતા ં બે વખત ફરિયાદ કરી

ધાનેરાના શખ્સના ત્રાસથી પોતાના વતનમા ં શિક્ષકા આવી જતા ં અને આ મામલે કરવામા ં આવેલી ફરીયાદ પાછી ખે ંચી લેવા માટે આરોપી દેવેન્દ્ર ખ ંડેલવાલ ફોન કર ધાકધમકી આપતો હોવાથી અગાઉ માણસા પોલીસ સ્ટેશનમા ં ફરીયાદ કરવામા ં આવતા ં આ યુવકની ધરપકડ કરી તેના જામીન લેવામા ં આવ્યા બાદ થોડાક દિવસ પહેલા ફરી એક વખત ઘરનો લેન્ડલાઈન ન ંબર પર ફોન કરી માણસો લઈને આવી પેટ્રોલ છા ંટી જાનથી મારી નાખવાની ધમકી અપાતા ં ફરી એક વખત માણસા પોલીસ સ્ટેશનમા ં તા.૨૧૮૧૨ ના રોજ આચાર્ય સસરાએ દેવેન્દ્ર અ ંબુભાઈ ખ ંડેલવાલ સામે ગુન્હો નો ંધાવતા ં માણસા પોલીસે તેની ધરપકડ કરવાના ચક્રોગતિમાન કર્યા છે.

# યુવકના ત્રાસથી શિક્ષિકા નવ મહિનાથી કપાત રજા પર

ફેસબુકમા ં શિક્ષિકાનુ ં બોગસ એકાઉન્ટ ખોલી યુવતીને બદનામ કરવાનો કારસો રચી કાઢવામા ં આવતા ં આખરે ત ંગ આવેલી શિક્ષિકાએ ધાનેરા છોડી દેવાનુ ં નક્કી કરી કપાત રજા ઉપર ઉતરી ગઈ છે અને છેલ્લા નવ મહિનાથી માણસા તાલુકામા ં પોતાના પતિ સાથે રહે છે. ફેસબુકના એકાઉન્ટમા ં ન ંબર લખવામા ં આવ્યો હોવાથી ખોટા ફોન આવવાના ત્રાસથી અને આરોપી દેવેન્દ્ર ખ ંડેલ ફોન પર ખોટીખોટી ધમકીઓ આપતો હોવાથી પરિવારે આખરે ઘરનો ટેલીફોન બ ંધ કરાવી દેવાની ફરજ પડી છે.

# માણસામા ં વાયરલ ફીવરના કેસો વધતા ં લોકોમા ં ફફડાટ

રોજ ૨૫ કેસની જગ્યાએ સરકારી દવાખાનામા ં એકલા વાયરલ ફિવરના ં તાવના ૪૦ ઉપરા ંત કેસ નો ંધાઈ રહ્યા છે. તો શરદી અને ઉધરસ ના કેસોમા ં પણ મોટો ઉછાળો નો ંધાયો છે. માણસા શહેરમા ં આવેલ રેફરલ હોસ્પિટલ તાવ અને શરદી, ઉધરસના ં દર્દીઓથી ઉભરાઈ રહી છે. માણસામા ં આવેલ ખાનગી દવાખાનાઓમા ં પણ તાવના દર્દીઓની લા ંબી કતારો જોવા મળી રહી છે.ત્યારે શહેરમા ં ફેલાયેલ ગ ંદકી અને કાદવ કિચ્ચડની સફાઈ કરાવવાના બદલે નગરપાલિકાનુ ં ત ંત્ર ચોમાસામા ં નવા રોડના ટુકડા બનાવી શાબાશી મેળવી વોટ બ ંક વધારવામા ં મસ્ત બની ગયુ છે.માણસા શહેરમા ં કપૂરી ચોક એસ.ટી.ડેપોની આગળનુ ં શોપિ ંગ અને શહેરમા ં આવેલ સોસાયટીઓમા ં સફાઈના અભાવે ગ ંદકી અને કાદવ કિચડના ઢગ જોવા મળી રહ્યા છે. ત્યારે આગામી દિવસોમા ં વાયરલ ફિવર સુધી સમિત રહેલ રોગચાળો આગામી દિવસોમા ં ગ ંભીર બને તેવા એ ંધાણ વર્તાઈ રહ્યા છે. ત્યારે માણસામા ં તત્કાલીક ધોરણે મોટા પાયે સફાઈ ઝુ ંબેશ હાથધરી જ ંતુનાશક દવાનો છ ંટકાવ કરવાની નગરજનોમા ં મા ંગ ઉઠવા પામી છે.

**દવાખાનામા ં દરરોજ ૪૦ ઉપરા ંત તાવના નો ંધાતા કેસ**

## સુઝુકી કોર્પોરેશનના ચેરમેન અને મુખ્યમંત્રી વચ્ચે ફળદાયી સૌજન્ય-બેઠક સંપન્ન

મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની આજે જાપાનની વિશ્વખ્યાત સુઝુકી મોટર કોર્પોરેશનના ચેરમેન શ્રીયુત ઓસામુ સુઝુકીના નેતૃત્વમાં આવેલા ૧૫ સભ્યોના કંપની ડેલિગેશને સૌજન્ય મૂલકાત લીધી હતી અને ઉત્તર ગુજરાતમાં બહુચરાજી નજીક સુઝુકી ઓટો કાર મેન્યુફેક્ચરીંગ પ્રોજેક્ટ સ્થાપવા અંગે રાજ્ય સરકારના મળી રહેલા સહયોગ અંગે આભાર પ્રદર્શિત કર્યો હતો. શ્રીયુત ઓ. સુઝુકીએ તેમના બહુચરાજી પ્રોજેક્ટને ભારતમાં સુઝુકી કાર મેન્યુફેક્ચરીંગ પ્રોજેક્ટના બીજા વિસ્તરણ પ્રોજેક્ટ તરીકે સ્થાપવા અને રાજ્ય સરકારની નીતિઓને સુસંગત રહીને માળખાકીય સુવિધા વિકાસને વિશ્વકક્ષાનો ઓપ આપવા ગુજરાત સરકારની સહયોગીતા અને પ્રતિબધ્ધતાને આવકારી હતી. સુઝુકી મોટર કોર્પોરેશન ગુજરાતના ૫૦૦ યુવા ઈજનેરોને સુઝુકી પ્લાન્ટમાં જાપાન ખાતે ઓટોમોબાઈલ્સ એન્જીનિયરીંગની તાલીમ માટે વ્યવસથા કરશે અને ગુજરાતમાં ઓટોમોબાઈલ્સ એન્જીનિયરીંગ કોલેજ ઈન્સ્ટીટયૂટ પણ સ્થાપવાની નેમ ધરાવે છે. મુખ્યમંત્રીશ્રીએ સુઝુકી મોટર પ્લાન્ટના બહુચરાજી ખાતેના વિસ્તરણ પ્રોજેક્ટમાં જાપાનીઝ વેન્ડર્સ ઝોન અને વિશ્વકક્ષાના આંતરમાળખાકીય સુવિધા વિકાસનું મોડેલ ઉભૂં કરવા અનુરોધ કર્યો હતો. શ્રીયુત ઓસામુ સુઝુકીએ મુખ્યમંત્રીશ્રીના જાપાન ડેલીગેશનના સફળ પ્રવાસ અને વિશેષ કરીને હામામાત્સુમાં સુઝુકી પ્લાન્ટની મૂલાકાત તથા હામામાત્સુમાં ઓટોમોબાઈલ્સ કંપનીઓ અને ઓટો મેન્યુફેક્ચરીંગ એકમોના ઉદ્યોગકારોના ૪૩૦ જેટલા એકમોના સેમિનારને મળેલી અભૂતપૂર્વ સફળતાનો આનંદ સહ ઉલ્લેખ કર્યો હતો અને જણાવ્યું હતું કે આના પરિણામે ગુજરાત અને જાપાન વચ્ચે સહભાગીતાના સંબંધોને સુદ્રઢ આધાર મળ્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ જાપાન-પ્રવાસમાં જાપાન સરકાર, જાપાનની કંપનીઓ અને જનતાએ જે અપાર સ્નેહભાવ પ્રદર્શિત કર્યો અને જાપાનના આતિથ્ય સત્કારની ગૌરવશાળી પરંપરાની સુઝુકી પ્લાન્ટની મૂલાકાતમાં પણ પ્રતીતિ કરાવી તે હંમેશા સ્મૃતિમાં રહેશે એવો આનંદ વ્યકત કર્યો હતો. હામામાત્સુમાં ઈન્વેસ્ટમેન્ટ સેમિનારમાં તેના ઈતિહાસમાં સૌથી વધુ ઓટો વેન્ડર્સ કંપનીઓએ ભાગ લઈને ગુજરાતમાં ભાગીદારી માટેની જે તત્પરતા બતાવી તેનાથી ગુજરાતમાં જાપાની કંપનીઓની ભાગીદારી અને રોકાણનું વિશાળ ફલક ઉભૂં થશે.શ્રી ઓસામુ સુઝુકી અને તેમના ડેલીગેશન સાથે ગુજરાત સરકારની ઉચ્ચ સત્તાવાળી સચિવશ્રીઓની સમિતિ બહુચરાજી સુઝુકી પ્રોજેક્ટના અમલીકરણ અંગેના વિવિધ પાસાંઓની ચર્ચા કરશે એમ પણ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું.